चुनाव का पर्व DESH KA GARV

OFFICE OF THE
**DISTRICT ELECTION OFFICER & COLLECTOR**
**KHEDA - NADIAD**
Jilla Seva Sadan, 3rd Floor, "B" Block, Dabhan Road, Nadiad
Office Telephone No.(0268) 2553046, Fax :: 2553347
E-mail : deputydeokheda2014@gmail.com

અવસર લોકશાહીનો

---

**ELECTION IMMEDIATE**

નં.ચટણ/લોકસભા–૨૦૨૪/વશી/૨૧૫૨/૨૦૨૪ થી ૨૨૧૨
તા.૦૨/૦૩/૨૦૨૪

**વિષય :–** **<u>લોકસભાની સામાન્ય ચૂંટણીઓ–૨૦૨૪</u>**
**છાપકામ સેવાના ભાવો મંજુર કરવા બાબત.**

***<u>વંચાણમાં લીધા :–</u>***

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એસઓપી/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ, તા.૦૩/૦૬/૨૦૧૬
(૨) મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર, ગાંધીનગરના હુકમ ક્રમાંક : અદજ/૧૦૨૦૨૧/૪૯૮/નં.૧ તા.૧૯/૦૪/૨૦૨૧
(૩) અત્રેના હુકમ નં.ચટણ/લોકસભા–૨૦૨૪/વશી–૪૭૨૩–૩૦ તા.૧૫/૧૨/૨૦૨૩
(૪) જિલ્લા કક્ષાની ખાતાકીય ખરીદ – સમિતિની તા.૦૬/૦૨/૨૦૨૪ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.
(૫) GeM પોર્ટલ પર તા.૦૮/૦૨/૨૦૨૪ ના રોજ બહાર પાડેલ છાપકામ સેવાનું બીડ (બીડ નંબર–GEM/2024/B/4602227 dt.08.02.2024)
(૬) જિલ્લા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિની તા.૨૯/૦૨/૨૦૨૪ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

**વિ ગ ત ::–**

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ ના કામે વિવિધ ચીજવસ્તુ / સેવા મેળવવા માટે GeM પોર્ટલ પર બીડ / ટેન્ડરો બહાર પાડવા વંચાણે લીધેલ આમુખ–(૧) અને (૨) ની સુચનાઓ ધ્યાને લઈ, જિલ્લા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિની રચના આમુખ–(૩) થી કરવામાં આવેલ. છાપકામની સેવાની એજન્સી નકકી કરવા માટે આમુખ–(૪) માં જણાવ્યા મુજબ બીડ ફોર્મ અને તેની શરતો નકકી કરવામાં આવેલ. જે મુજબ GeM પોર્ટલ પર આમુખ–(૫) મુજબ તા.૦૮/૦૨/૨૦૨૪ ના રોજ છાપકામ સેવાનું બીડ બહાર પાડવામાં આવેલ. જેમાં બીડ રજુ કરવાની છેલ્લી તા.૧૯/૦૨/૨૦૨૪ હતી. આ બીડમાં નીચે મુજબની એજન્સીઓએ સમયમર્યાદામાં બીડ ભરેલ.

(૧) અર્પણ પ્રિન્ટરી, આણંદ
(૨) એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદ
(૩) મહાદેવ એન્ટરપ્રાઈઝ, અમદાવાદ
(૪) હરિહર બુક ડેપો, આણંદ

ઉકત એજન્સીઓના ટેકનિકલ બીડ તા.૨૦/૦૨/૨૦૨૪ ના રોજ ખોલવામાં આવેલ અને ટેકનિકલ પુરાવાની ચકાસણી કરતાં, ઉકત ચારેય એજન્સીઓને ટેકનિકલ માન્ય ગણી, તેઓના પ્રાઈઝ બીડ તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ સમિતિ રૂબરૂ ખોલવામાં આવેલ અને જેમાં એલ–૧ તરીકે આવેલ એજન્સીની કુલ રકમ રૂા.૨૮,૫૭,૯૫૦/– ની કિંમત મળેલ. સદર બીડની શરત મુજબ ઉકત તમામ માન્ય એજન્સીઓને RA(Reverse Auction) આપી મળેલ એલ–૧ કુલ કિંમત રૂા.૨૮,૫૭,૯૫૦/– માં હજુ ઘટાડો કરવા તા.૨૪/૦૨/૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાક સુધીનો સમય આપવામાં આવેલ અને આ મુદત પૂર્ણ થતાં આખરી એલ–૧ એજન્સી નકકી કરવાના કામે પ્રાઈઝ બીડ સમિતિ રૂબરૂ ખોલવામાં આવેલ. જેમાં RA બાદ નીચે મુજબની કુલ કિંમત મળેલ.



Scanned with CamScanner

| બીડની વિગત | બીડની કુલ કિંમત | RA બાદ મળેલ આખરી ભાવ | | ક્રમ |
|---|---|---|---|---|
| | | એજન્સી | ભાવ | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| છાપકામની સેવા | ૪૦,૦૦,૦૦૦ | (૧)એકતા ઓફસેટ પ્રા.લિમી. નડીઆદ | ૨૮,૦૩,૨૩૦.૦૦ | એલ-૧ |
| | | (૨)અર્પણ પ્રિન્ટરી, આણંદ | ૨૮,૦૬,૧૯૯.૬૦ | એલ-૨ |
| | | (૩)હરીહર બુક ડેપો, આણંદ | ૪૩,૨૦,૫૬૦.૦૫ | એલ-૩ |
| | | (૪)મહાદેવ એન્ટરપ્રાઈઝ, અમદાવાદ | -- | એચ-૧ |

આમ, ઉકત મુજબ RA પ્રક્રિયા બાદ એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદના ભાવો સૌથી ઓછા મળેલ હોય છાપકામની સેવા માટે એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદને આખરી કરવા સમિતિ સભ્યો ધ્વારા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ.

**હુ કમ ::-**

ઉકત વિગતો અને આમુખમાં જણાવેલ પત્રો / હુકમો / કાર્યવાહી નોંધને ધ્યાને લઈને લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ ના કામે છાપકામની સેવા પુરી પાડવાની કામગીરી માટે એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદને માન્ય કરવા આથી હુકમ કરવામાં આવે છે. તેમજ આ સાથેના પરિશિષ્ટ મુજબ ભાવો સદર એજન્સીના માન્ય ગણવાના રહેશે.

વધુમાં એજન્સીએ આમુખ-(૫) ના બીડની શરતો અને બોલીઓને આધિન તેમજ નીચે મુજબની શરતોને આધિન છાપકામની સેવા પુરી પાડવાની કામગીરી કરવાની રહેશે.

(૧) બીડ ફોર્મની શરત નં.૭(૪) મુજબ સદર બીડમાં મળેલ કુલ કિંમત રૂા.૨૮,૦૩,૨૩૦.૦૦/- ના ૫% લેખે એટલે કે રૂા.૧,૪૧,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ એકતાલીસ હજાર પુરા) ની સિકયુરીટી ડીપોઝીટનો બેંક ડ્રાફટ બીડની શરત નં.૭ મુજબ અત્રે સત્વરે રજુ કરવો.

(૨) આ બીડની શરત નં.૯ મુજબ આ બીડના ભાવોની મુદત હુકમ તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે અને આ મુદત પૂર્ણ થયા બાદ મુદતમાં છ માસ અથવા વધુમાં વધુ એક વર્ષ સુધી વધારો કરી શકાશે.

(૩) આ બીડની શરત નં.૧૨ મુજબ જે છાપકામ સામગ્રી / કામગીરીના ભાવ ૧૦૦-નંગમાં મંગાવેલ છે / મંજુર કરાયેલ છે. તેમાં એક નંગ સામગ્રી છાપવામાં આવે કે ૧૦૦-નંગ સામગ્રી છાપવામાં આવે તો તેનો ભાવ ૧૦૦-નંગ સામગ્રીનો જ ગણાશે અને તે મુજબ બિલની ચુકવણી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ જે તે ચૂંટણીલક્ષી કામગીરીને આધિન ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

(અમિત પ્રકાશ યાદવ)
જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર
ખેડા – નડીઆદ

DISTRICT ELECTION OFFICER & COLLECTOR • KHEDA - NADIAD •

<u>બિડાણ ::</u>
(૧) મંજુર ભાવનું પરિશિષ્ટ
(૨) શરતો નં.૧ થી ૩૨

પ્રતિ,
એકતા ઓફસેટ પ્રા.લિમી., નડીઆદ

<u>નકલ રવાના ::-</u>
૧. મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી (લોકસભા ચૂંટણી-૨૦૨૪) તમામ તરફ.
૨. મામલતદારશ્રી, તમામ તરફ.
૩. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ખેડા-નડીઆદ તરફ.

<u>નકલ સવિનય રવાના :</u> મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ જાણ સારૂ.


Scanned with CamScanner

**જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી ખેડા-નડીઆદના**

**હુકમ નં.ચટણ/લોકસભા-2024/વશી/ ૨૧૫૨ થી ૨૨૭૨ /૨૦૨૪ તા. ૦૭/૦૩/૨૦૨૪ થી**

**મંજૂર કરાયેલ છાપકામ સેવાના ભાવોનુ પરિશિષ્ટ**

| Item No. | Item Title | Item Description | Unit of Measure | Rate of Items |
|---|---|---|---|---|
| 1 | Envelope 1 | Kraft Khakhi Paper with printing 70 GSM 5 x 4 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 11.00 |
| 2 | Envelope 2 | Kraft Khakhi Paper with printing 70 GSM 5 x 11 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 120.00 |
| 3 | Envelope 3 | Kraft Khakhi Paper with printing 70 GSM 6 x 18 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 11.00 |
| 4 | Envelope 4 | Kraft Khakhi Paper with printing 70 GSM 10 x 12 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 11.00 |
| 5 | Envelope 5 | Kraft Khakhi Paper with printing 70 GSM 10 x 22 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 11.00 |
| 6 | Envelope 6 | Kraft Khakhi Paper with printing 70 GSM 70 12 x 16 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 15.00 |
| 7 | Envelope 7 | Any Colour paper with printing size 70 GSM 5 x 4 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 11.00 |
| 8 | Envelope 8 | Any Colour paper with printing size 70 GSM 5 x 11 inch 100 1 UNIT = 100 Covers | per 100 unit | 120.00 |
| 9 | Envelope 9 | Any Colour paper with printing size 70 GSM 6 x 18 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 11.00 |
| 10 | Envelope 10 | Any Colour paper with printing size 70 GSM 10 x 12 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 11.00 |
| 11 | Envelope 11 | Any Colour paper with printing size 70 GSM 10 x 22 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 11.00 |
| 12 | Envelope 12 | Any Colour paper with printing size 70 GSM 12 x 16 inch 1 UNIT = 100 Covers | per 100 unit | 11.00 |
| 13 | Signboard 1 | Card Sheet Paper with printing 4 x 3 inch 1 UNIT = 100 UNIT | per 100 unit | 20.00 |
| 14 | Signboard 2 | Card Sheet Paper with printing 8 x 5 inch 1 UNIT = 100 UNIT | per 100 unit | 20.00 |
| 15 | Signboard 3 | Card Sheet Paper with printing 15 x 3 inch 1 UNIT = 100 UNIT | per 100 unit | 20.00 |
| 16 | Signboard 4 | Card Sheet Paper with printing 15 x 5 inch 1 UNIT = 100 UNIT | per 100 unit | 20.00 |
| 17 | Pamphlet 1 | 70 GSM Any colour paper with single colour single side printing A4 1 UNIT = 100 UNIT | per 100 unit | 43.00 |
| 18 | Pamphlet 2 | 70 GSM Any colour paper with single colour single side printing A5 1 UNIT = 100 UNIT | per 100 unit | 26.00 |
| 19 | Pamphlet 3 | 70 GSM Art paper with multi colour printing single side A4 Glosy 1 UNIT = 100 UNIT | per 100 unit | 87.00 |
| 20 | Pamphlet 4 | 70 GSM Art paper with multi colour printing single side A5 Glosy 1 UNIT = 100 UNIT | per 100 unit | 45.00 |

Scanned with CamScanner

| Item No. | Item Title | Item Description | Unit of Measure | Rate of Items |
|---|---|---|---|---|
| 21 | Form 1 | Maplitho Paper 70 GSM Single side Single colour printing A4 1 UNIT = 100 UNIT | per 100 unit | 43.00 |
| 22 | Form 2 | Maplitho Paper 70 GSM Single side Single colour printing A5 1 UNIT = 100 UNIT | per 100 unit | 14.00 |
| 23 | Form 3 | Maplitho Paper 70 GSM both side single colour printing A4 1 UNIT = 100 UNIT | per 100 unit | 49.00 |
| 24 | Form 4 | Maplitho Paper 70 GSM both side single colour printing A5 1 UNIT = 100 UNIT | per 100 unit | 16.00 |
| 25 | Form 5 | Green Paper 70 GSM single side printing A4 1 UNIT = 100 UNIT | per 100 unit | 70.00 |
| 26 | Form 6 | Green Paper 70 GSM single side printing A5 1 UNIT = 100 UNIT | per 100 unit | 14.00 |
| 27 | Form 7 | Green Paper 70 GSM both side printing A4 1 UNIT = 100 UNIT | per 100 unit | 70.00 |
| 28 | Form 8 | Green Paper 70 GSM both side printing A5 1 UNIT = 100 UNIT | per 100 unit | 16.00 |
| 29 | Printing 1 | 210 GSM paper multi colour glosy printing Single side A4 1 UNIT = 100 UNIT For Certificate | per 100 unit | 225.00 |
| 30 | Printing 2 | 210 GSM paper multi colour glosy printing Single side 5x3 Inch 1 UNIT = 100 UNIT For ICard | per 100 unit | 30.00 |
| 31 | Gum Stickers | 100 GSM paper Multi Colour Paper and Printing will Full Gumming (Per Sqare inch) | per square inch | 0.95 |
| 32 | Poster 1 | 100 GSM paper Multi Colour Paper and Printing will Full Gumming A2 (1 UNIT = 100 UNIT) | per 100 unit | 1094.00 |
| 33 | Poster 2 | 100 GSM paper Multi Colour Paper and Printing will Full Gumming A3 (1 UNIT = 100 UNIT) | per 100 unit | 680.00 |
| 34 | Poster 3 | 100 GSM paper Multi Colour Paper and Printing will Full Gumming A4 (1 UNIT = 100 UNIT) | per 100 unit | 280.00 |
| 35 | Poster 4 | 100 GSM paper Multi Colour Paper and Printing will Full Gumming A5 (1 UNIT = 100 UNIT) | per 100 unit | 250.00 |
| 36 | Vinyl Sticker | Rate per Square Foot with Printing and With Foam Sheet | per square foot | 24.00 |
| 37 | Flex Banner 1 | Multi Colour Printing with reveting 4 pass Only Banner Rate per Square Foot | per square foot | 14.00 |
| 38 | Flex Banner 2 | Multi Colour Printing with Iron Frame 4 Pass Banner and Iron Frame With Instolation Rate per Square Foot | per square foot | 24.00 |
| 39 | Voter Slip | With printing any colour paper 54 GSM Size 3 x 2 inch 1 UNIT = 100 UNIT | per 100 unit | 8.58 |
| 40 | Receipt Book | 60 GSM Paper with Printing and binding Single Colour with duplicate receipt Total Page 50 | per 1 book | 25.00 |

Scanned with CamScanner

| Item No. | Item Title | Item Description | Unit of Measure | Rate of Items |
|---|---|---|---|---|
| 41 | Printing from PDF 1 | 1 Page Single Side Printing A4 Size 75 GSM from PDF file with binding | per 1 page | 0.45 |
| 42 | Printing from PDF 2 | 1 Page Double Side Printing A4 Size 75 GSM from PDF file with binding | per 1 page | 0.92 |
| 43 | EVM Ballot | Any Colour Paper 70 GSM paper with printing numbering<br>Size 46 x 16 CM Fixed Size 1 UNIT = 100 UNIT | per 100 unit | 600.00 |

DISTRICT ELECTION OFFICER & COLLECTOR • KHEDA - NADIAD • सत्यमेव जयते

(Amit Prakash Yadav)
District Election Officer &
Collector, Kheda District, Nadiad

Scanned with CamScanner

## લોકસભા સામાન્ય ચુંટણી – 2024

### જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા-નડીઆદના હુકમ નં.ચટણ/લોકસભા-2024/વશી...2152-71 તા.૦7/03/2024 થી મંજુર કરાયેલ છાપકામ સેવા માટેની શરતો / બોલીઓ

(૧) <u>સીકયોરીટી ડીપોઝીટ અંગે.</u>

1. આ ટેન્ડર પ્રક્રિયામાં રજુ કરવાની થતી સીકયુરીટી ડીપોઝીટ પેટે "જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા જિલ્લો, નડીઆદ" ના નામનો ફકત <u>નડીઆદ</u> ખાતે ચુકવણીપાત્ર ડીમાન્ડ ડ્રાફટ રજૂ કરવાનો રહેશે. સદર ડીમાન્ડ ડ્રાફટ નીચે દર્શાવેલ બેંકનો જ માન્ય ગણવામાં આવશે. આ સિવાય કોઈપણ પ્રકારે આવી ડીપોઝીટો રજુ કરવાની નથી.

All Nationalized Banks and Axis Bank, AU Small Finance Bank, Bandhan Bank, BNP Paribas, City Union Bank, CSB Bank, DBS Bank, India Limited, DCB Bank, Equitas Small Finance Bank, HDFC Bank, HSBC Bank, ICICI Bank, Indusland Bank, Karnataka Bank, Tamilnadu Mercantile Bank, Utkarsh Small Finance Bank, The Kalupur Commercial Co-op. Bank, Ahmedabad Mercantile Co-op. Bank, Nutan Nagrik Sahakari Bank Ltd. Rajkot Nagarik Sahakari Bank Ltd., Saraswat Co-operative Bank Ltd., SVS Co-operative Bank Ltd., The Gujarat State Co-operative Bank, The Mehsana Urban Co-op Bank Ltd., The Surat District Co-operative Bank Ltd., The Surat People's Co-op Bank Ltd., Saurashtra Gramin Bank.

2. અર્નેષ્ટ મની ડિપોઝીટ (EMD) પરત કરવાના પ્રસંગે કોઈપણ પ્રકારના વિલંબ અંગે કે ડિપોઝીટ મુકત કરવામાં વિલંબના કારણે વ્યાજ અંગેની કોઈ માંગણી કરવાનો હકક દાવો રહેશે નહિ.

3. સીકયુરીટી ડીપોઝીટ નકકી થયેલ L-1 બીડર / એજન્સી સંતોષપૂર્વક કામગીરી પુર્ણ કરશે ત્યારબાદ પરત કરવામાં આવશે.

(૨) ચુંટણી વિષયક કામગીરી ટૂંકી મુદતની સૂચનાથી કરવાની થતી હોઈ, આ અંગે સમયમર્યાદામાં જરૂરી જાણ તથા સંપર્ક માટે એજન્સી દ્વારા ખેડા જીલ્લા ખાતેના સંપર્કનું નામ / સરનામું તથા ફોન નંબરની વિગતો. જો કચેરી હોય તો તેનો પુરાવો અને ન હોય તો ટેન્ડરમાં સફળ થયા બાદ દિન-10 માં મું.નડીઆદ ખેડા જીલ્લા ખાતે શરૂ કરવા અંગેની બાંહેધરી રજુ કરવી. (પોતાની પેઢીના લેટર પેડ ઉપર બાંહેધરી લખી રજુ કરી શકાશે)

(3) <u>ટેન્ડરના મંજુર કરેલ ભાવ અંગે.</u>

1. ટેન્ડરમાં આપેલ ભાવો, ભાવ મંજુરીના હુકમ તારીખથી એક વર્ષ સુધી અમલી ગણાશે. સંતોષકારક કામગીરી બાદ જરૂર જણાયે જીલ્લા ચુંટણી અધિકારીશ્રી કરારની મુદતમાં છ માસ અથવા વધુમાં વધુ એક વર્ષ સુધી મુદતમાં વધારો કરી શકશે.

Scanned with CamScanner

2. ટેન્ડરની શરતોનું પાલન ન થવાના કિસ્સામાં, ઈજારાની મુદત પુરી થાય તે પહેલા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી / નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કોઈપણ કારણસર લેખિત નોટીસ આપી ઈજારો રદ કરી શકશે અને તે માટે કોઈ વળતર મેળવવાનો હકક ઈજારદારને રહેશે નહીં.

3. ટેન્ડરરે ફાઈનાન્સીયલ બીડ (ભાવપત્રક) માં તમામ આઈટમ / સેવાના ભાવ તમામ પ્રકારના રાજય અને કેન્દ્રના ટેક્ષ / મજુરી / ખર્ચ સાથે જ દર્શાવવાના રહેશે. જેથી કોઈપણ પ્રકારના રાજય અને કેન્દ્રના ટેક્ષ / મજુરી / ખર્ચ અલગથી ચુકવવામાં આવશે નહીં.

4. વર્કઓર્ડર આપવામાં ન આવેલ હોય ત્યાં સુધી, ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર ટેન્ડર મંજુર કરનારનો રહેશે.

5. છાપકામ સેવામાં બાઈન્ડીંગ, પરકોલેટ, નંબરીંગ કે સ્ટેપલીંગ વિગેરે કરવાનું થશે તો તે બીડરે કરી આપવાનું રહેશે અને તે મુજબ સામગ્રી છાપીને પુરી પાડવાની રહેશે અને તેનો અલગથી કોઈ ચાર્જ ચુકવવામાં આવશે નહિ. જેથી આ બાબત ધ્યાને લઈ ભાવ ભરવાના રહેશે.

6. જે લોખંડની ફ્રેમ સાથે ફલેકસ બેનરના ભાવ માંગેલ છે તે જે સ્થળે બેનર લગાવવાનું સક્ષમ અધિકારી તરફથી જણાવવામાં આવે તે સ્થળે જઈને બીડરે લગાવવાનું રહેશે. જેમાં બંબુ ફીટીંગ કે અન્ય રીતે લવાવી આપવાનું રહેશે અર્થાત બેનર પેસ્ટીંગ, ફ્રેમીંગ, બંબુ કે અન્ય રીતે હોર્ડીગ્સની જેમ ઈન્સ્ટોલેશન કરવાનું રહેશે. આ કામગીરીનો કોઈ અલગથી ચાર્જ ચુકવવામાં આવશે નહિ.

(૪) રાજકીય પક્ષ સાથે હિત સંબંધ વિગેરે :-

ટેન્ડરર્સ કોઈપણ રાજકીય પક્ષના સક્રિય સભ્ય કે પક્ષાના હોદ્દેદાર હોવા જોઈએ નહીં.

(૫) જરૂરીયાતના જથ્થામાં વધારા - ઘટાડા અંગે.

સેવાઓની જરૂરીયાત અનુસાર જથ્થામાં 25% સુધી વધારા - ઘટાડાની શકયતા રહેલી છે. આવા વધારા - ઘટાડા અંગે કોઈ ટેન્ડરર્સ કોઈ હકક-દાવા-વાંધો લઈ શકશે નહી અને ટેન્ડર મંજુર કરનાર કે સક્ષમ અધિકારીશ્રી ધ્વારા જણાવવામાં આવે તે પ્રમાણેની જ સેવાઓ પૂરી પાડવા ટેન્ડરર્સ બંધાયેલા રહેશે.

(૬) <u>કામનો પ્રકાર</u>

1. જે છાપકામ સામગ્રીના ભાવ ૧૦૦ નંગમાં મંગાવેલ છે. તેમાં એક નંગ સામગ્રી છપાવવામાં આવે અથવા ૧૦૦ નંગ છપાવવામાં આવે તો તેનો ભાવ ૧૦૦ નંગનો જ ગણાશે અને જે મુજબ બીલની ચુકવણી કરવામાં આવશે.

Scanned with CamScanner

2. વર્ક ઓર્ડર પ્રમાણે છાપકામ સામગ્રી સ્થળે મોકલવા માટે લાવવા-લઇ જવાની વ્યવસ્થા ઇજારેદારે પોતાના ખર્ચે અને પોતાની રીતે કરવાની રહેશે.

3. છાપકામ કરેલ સામગ્રી / નકલો જણાવેલ સંખ્યામાં નંબરીંગ સાથે/બંડલોમાં બાઇન્ડિંગ સાથે અથવા પરફોલેટ કરી અત્રેની કચેરીમાં અથવા જણાવેલ સ્થળે ઇજારાદારે સ્વખર્ચે પહોચાડવાની રહેશે.

4. છાપકામ કરેલ તમામ સામગ્રી જણાવેલ સ્થળે સમયસર મોકલી આપવાની રહેશે.

5. ઈજારેદારે સોંપેલ કામગીરી નિયત સમયમર્યાદામાં અને સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે. આમ કરવામાં જો તેઓ નિષ્ફળ જશે તો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ખેડા-નડીઆદ સંજોગોને આધિન અન્ય કોઇપણ આ કામગીરી કરવા સક્ષમ એજન્સી પાસે મંજુર થયેલ ભાવે કામગીરી કરાવી શકશે.

6. છાપકામ કરવા અંગે આપેલ સામગ્રીનું આખરી પ્રુફ આ કચેરીએથી મંજુર કરાવવાનું રહેશે. ત્યારબાદ જ અત્રેથી નકકી કરવામાં આવે તેટલી સંખ્યામાં સામગ્રી છાપવાની રહેશે.

7. ઇજારદારે પુરી પાડવામાં આવતી છાપકામ અંગેની તમામ સામગ્રી સારી ગુણવત્તાની હોવી જોઇશે. ઇજારેદારે તેના અંગત લાભ માટે કોઇપણ જાતની ખરાબ વસ્તુ પુરી પાડી શકશે નહી અને જો આવી ખરાબ સામગ્રી પુરી પાડેલ હશે તો તેનો કોઈ ચાર્જ ચુકવવામાં આવશે નહિ અને બીજી સામગ્રી છાપી પુરી પાડવાની રહેશે.

8. ખેડા જીલ્લામાં જે સ્થળે સેવા / સામગ્રી પુરી પાડવાનું જીલ્લા ચુંટણી અધિકારી / નિવાસી અધિક કલેકટરશ્રી / નાયબ જીલ્લા ચુંટણી અધિકારીશ્રી / મદદનીશ ચુંટણી અધિકારીશ્રી કે મામલતદારશ્રીઓ દ્વારા જણાવવામાં આવે તે સ્થળે સેવા / સામગ્રી પુરી પાડવાની રહેશે. આ અંગે વધારાનો કોઈ ખર્ચ / મજુરી કે કોઈપણ જાતનું નુકશાન ચુકવવામાં આવશે નહિ.

(૭) <u>મિંટીગના સ્થળે :-</u>

જરૂર જણાય તો, તેવા સંજોગોમાં, ટેન્ડર ફોર્મ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ કોઈપણ છાપકામની સેવા / સામગ્રી મિંટીગના સ્થળે પુરી પાડવાની રહેશે. જે માટે લોકસભા ચૂંટણીના સંબંધમાં સંબંધિત ચૂંટણી અધિકારી / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી / મામલતદારશ્રી ધ્વારા અને અન્ય ચૂંટણીઓ સંબંધમાં ચૂંટણી અધિકારીશ્રી અથવા મામલતદારશ્રી કક્ષાથી નીચેના અધિકારી ન હોય તેવા અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ લેખિત વર્કઓર્ડર અન્વયે જ કામગીરી કરવાની રહેશે.

Scanned with CamScanner

(૮) વધુમાં મૌખિક રીતે ઇજારેદારને આ ટેન્ડર મુજબની સેવા પુરી પાડવા જણાવવામાં આવે તો તે મુજબ પુરી પાડવાની રહેશે પંરતુ તેનો લેખિત વર્ક ઓર્ડર એજન્સીએ જે તે કચેરી પાસેથી મેળવી લેવાના રહેશે.

(૯) છાપકામના ભાવ મંજુર થયેલ એજન્સીએ ચૂંટણીમાં ઉભેલા ઉમેદવાર, રાજકીય કાર્યકર, રાજકીય પક્ષ અથવા તેમના સહયોગી અથવા તેમના પ્રતિનિધિ - તેમના નજીકનાં સંબંધી પાસેથી કોઈપણ પ્રકારનું આતિથ્ય / ચા - કોફી / ભોજન / નાસ્તો - પીણું વગેરે સ્વીકારશે નહીં.

(૧૦) અત્રેના વર્કઓર્ડર મુજબ છાપેલ સામગ્રીને કોઈપણ રીતે નુકશાન ન થવું જોઈએ અથવા અનઅધિકૃત વ્યકિતઓના હાથમાં ન આવવી જોઈએ અને ઘટનાઓની સંપૂર્ણ ગુપ્તતા જાળવવાની રહેશે.

(૧૧) અત્રેથી વર્ક ઓર્ડર કે સુવિધા પુરી પાડવા સુચના / આદેશ આપવામાં આવે કે તુરત જ/ સુચના મુજબના સમયે તાકીદે છાપકામની કરી સામગ્રી પુરી પાડવાના રહેશે તથા સુવિધા પુરી પાડવાની રહેશે. અને તેમ કરવામાં કસુરવાર થશે તો એજન્સીને કોઇપણ જાતની ખબર આપ્યા સિવાય જરૂરીયાત ઉપસ્થીત થયેથી એજન્સીના ખર્ચે અને જોખમે અન્ય એજન્સી કે જાહેર બજાર માંથી સુવિધા લેવામાં આવશે અને તેમ કરતાં જે વધુ ભાવ ચુકવશે કે વધુ ખર્ચ થશે તે એજન્સી પાસેથી સીક્યોરીટી ડીપોઝીટમાંથી ખુટતી રકમ વસુલ કરવા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, ખેડા-નડીઆદ હકકદાર રહેશે તથા એજન્સી ચુકવે નહી તો જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરી શકશે. અને ડીપોઝીટ પણ જપ્ત કરી શકશે. ઉપરાંત, ચુંટણી કામગીરીમાં વિક્ષેપ બદલ અન્ય કાનુની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

(૧૨) ટ્રાન્સપોર્ટ ખર્ચ / મજુરી ખર્ચ મળવા અંગે :-

જિલ્લામાં આ પ્રકારની કામગીરી જિલ્લા / તાલુકા મથકે કરવાની શકયતા ધ્યાને લઈ મતગણતરી સ્થળ / મતદાન મથક / મીંટીગ સ્થળ ઉપર સેવા સામગ્રી પુરી પાડવાના કોઈપણ સ્થળ સુધીનું ટ્રાન્સપોર્ટ કે લાવવા લઈ જવાની મજુરી સંબંધી કોઈ રકમ વધારાની અલગ ચુકવવામાં આવશે નહીં. ભાવપત્રકમાં દર્શાવેલ ભાવમાં આવા તમામ પ્રકારના ખર્ચનો સમાવેશ થઈ જાય છે.

(૧૩) સામગ્રી નુકશાન બાબત.

ચૂંટણી દરમ્યાન જે તે વસ્તુઓને કોઈપણ જાતનું નુકશાન થશે તો તેની સર્વે જવાબદારી ઈજારદારની રહેશે. સદર નુકશાન અન્વયે કોઈ વધારાનો ચાર્જ મળવાપાત્ર રહેશે નહીં.

Scanned with CamScanner

(૧૪) સુરક્ષા બાબત.

સંજોગોવસાત અકસ્માત થાય તો તે માટેના જાનમાલની સઘળી નુકશાનની જવાબદારી ઈજારાદારશ્રીની રહેશે. જો કોઈ વળતર વસુલાત આપવાની થશે તો તે ઈજારદારશ્રીએ આપવાની રહેશે.

(૧૫) બિલની આકારણી તેમજ ચુકવણી બાબત.

1. છાપકામ કામગીરીની સેવાઓ માટે મંજુર થયેલ ભાવને ધ્યાને લઈ ચુકવવાનું રહેશે. તેમજ કામગીરીની ચકાસણી માટે અધિકૃત કરવામાં આવેલ અધિકારીને, લેખિત વર્ક ઓર્ડર મુજબની કામગીરી શરૂ કર્યાની અંગેની જાણ તથા કામ પૂર્ણ કર્યાની અંગેની જાણ લેખિતમાં કરવા અંગે ઈજારદાર જવાબદાર રહેશે.

2. દરેક લેખિત વર્કઓર્ડરવાર અલગ - અલગ બીલો અથવા એક જ બીલમાં એકથી વધુ લેખિત વર્કઓર્ડરનો સમાવેશ થતો હશે તો,બીલમાં દરેક લેખિત વર્કઓર્ડરના નંબર / તારીખ વિગેરે દર્શાવીને લેખિત વર્કઓર્ડરવાર સેવા / સામગ્રીની સ્પષ્ટ વિગતો દર્શાવીને જ બીલો બનાવવાના રહેશે.

3. પૂરી પાડેલ સેવાઓ અંગેના બિલો ટેન્ડર મંજુર કરનાર જવાબદાર અધિકારીના નામે બનાવી, જણાવવામાં આવે તે અધિકારીશ્રીને બીલ, તેમજ અન્ય જરૂરી પ્રમાણપત્રો સહિત રજૂ કરવાના રહેશે.

4. તમામ બીલોની ચુકવણી "એકાઉન્ટ પે ચેકથી અથવા ઈ-પેમેન્ટથી" કરવામાં આવશે.

5. ટેન્ડરર કોઈ કામગીરી કરવામાં નિષ્ફળ ગયા હોય અથવા કોઈ શરતનો ભંગ કરાયેલ હોય તો, તે અન્વયેના શિક્ષાત્મક પગલાંને આધીન તથા ટેન્ડર મંજુર કરનાર ધ્વારા કરાયેલ દંડ વિગેરેની રકમ, ચુકવવાપાત્ર બીલની રકમમાંથી વસુલ કરીને ચુકવાશે. અને આવા પગલાં લેવા માટે બીલની ચૂકવણી અટકાવવાની જરૂરીયાત જણાશે તો ટેન્ડર મંજુર કરનારને બિલની ચૂકવણી અટકાવવાનો અબાધિત અધિકાર રહેશે.

6. ટેન્ડરર ધ્વારા પૂરા પાડવાના જથ્થા અંગે અથવા પૂરા પાડેલ આંશિક જથ્થા અંગે, કામગીરી આખરી ન થાય ત્યાં સુધી કોઈપણ રકમ બીલ પેટે એડવાન્સ મળી શકશે નહીં.

7. ઉપલબ્ધ ફંડ / ગ્રાન્ટ અનુસાર બીલની ચુકવણી કરાશે. વિલંબથી ચુકવણી અંગે વ્યાજની ચૂકવણી માટે માંગણી કરી શકાશે નહીં.

8. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ભરવાપાત્ર તમામ પ્રકારના ટેક્ષ ભરવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

9. લેખિત વર્કઓર્ડર અન્વયે પુરી પાડવામાં આવેલ સામગ્રીની ચકાસણી,અધિકૃત કરવામાં આવેલ અધિકારી પાસે કરાવી.

Scanned with CamScanner

(૧૬) કુદરતી આફત કે અકસ્માત વિગેરે :-

કુદરતી આફત, માનવ સર્જિત આફત, આગ, અકસ્માત કે કાબુ બહારના સંજોગોને કારણે ટેન્ડરરના કોઈપણ જથ્થા / સામગ્રીને નુકશાન થશે તો તેની જવાબદારી ટેન્ડર મંજુર કરનારની રહેશે નહીં.

(૧૭) વર્કઓર્ડર આધારે સેવાઓ પુરી પાડવા અંગે :-

ટેન્ડર મંજુર કરનાર અથવા સક્ષામ અધિકારીશ્રીના લેખિત વર્કઓર્ડર આધારે સેવાઓ પૂરી પાડવાની રહેશે. મૌખિક ઓર્ડર અન્વયે સેવાઓ પૂરી પાડવાની રહેશે નહીં. તાત્કાલીક જરૂરીયાતના સંદર્ભમાં મૌખિક રીતે સેવાઓ પુરી પાડવા જણાવવામાં આવેલ હોય તો ત્યારબાદ તુર્તજ લેખિત વર્કઓર્ડર મેળવી લેવાનો રહેશે તથા લેખિત વર્કઓર્ડર મુજબ જ ચુકવણું કરવામાં આવશે.

(૧૮) જથ્થાના નિરીક્ષણ અંગે.

ટેન્ડર મંજુર કરનાર અથવા સક્ષામ અધિકારીશ્રી અથવા તેઓ ધ્વારા અધિકૃત કરેલ વ્યકિત / કર્મચારી તેઓના વર્કઓર્ડર અન્વયે પૂરી પાડવાની સેવાઓનું નિરીક્ષાણ કરી શકશે. ટેન્ડરમાં દર્શાવ્યા મુજબના સ્પેશીફીકેશન મુજબની જ સેવાઓ પૂરી પાડવાની રહેશે. જો કોઈ તફાવત જણાશે તો તાત્કાલીક સામગ્રી બદલી આપવાની રહેશે. આ અંગે કોઈ વધારાનો ખર્ચ મળવાપાત્ર રહેશે નહીં.

(૧૯) અન્ય વ્યકિતને પેટા કોન્ટ્રાકટ આપવા અંગે :-

ટેન્ડર પેટા કોન્ટ્રાકટથી અન્યને સોંપી શકાશે નહીં.

(૨૦) રૂ.300/- ના સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરવાનું રહેશે અને જેનું પાલન કરવાનું રહેશે. કરાર માટે થતી સ્ટેમ્પ ડયુટીનો ખર્ચ ઈજારેદારે ભોગવવાનો રહેશે અને સ્ટેમ્પ ડયુટી અંગેની તમામ જવાબદારી તેઓની રહેશે.

(૨૧) આખરી માન્ય L-1 બીડર તેમના ભાવ પાછા ખેંચી શકશે નહિ. જો બીડર તેમ કરશે તો ટેન્ડરરે રજુ કરેલ EMD જપ્ત કરવામાં આવશે અને આવા બીડરને ભવિષ્યમાં અન્ય ઈજારા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(૨૨) ચુંટણીલક્ષી કામગીરીમાં કયારેક અનિવાર્ય સંજોગો કે તાકિદની પરિસ્થિતિને ધ્યાને લઈને તાત્કાલિક કામગીરી પુર્ણ કરવાની હશે તો અન્ય સક્ષમ એજન્સી પાસેથી આ બીડથી મંજુર થયેલ ભાવે કામ લઈ શકાશે અને જે માન્ય રહેશે. પરંતુ આવા કિસ્સામાં આ બીડમાં L-2 એજન્સી આવેલ હશે (અર્થાત બીડ રજુ કરેલ હશે) તે એજન્સીને અગ્રતા આપી, તેની પાસેથી આવા કિસ્સામાં કામગીરી લઈ શકાશે. આ અંગે મંજુર થયેલ ટેન્ડરર વાંધો લઈ શકશે નહિ.

Scanned with CamScanner

(૨૩) આ બીડમાં આખરી માન્ય થયેલ એજન્સી જો કામગીરી બરાબર કે યોગ્ય રીતે, કે અત્રેની માંગણી મુજબ નિયત સમયમાં કરી આપવામાં નિષ્ફળ જશે તો આવી કામગીરી આ બીડથી મંજુર થયેલ ભાવે ઉપરના મુદ્દામાં જણાવ્યા મુજબની એજન્સીને અગ્રતા આપવામાં આવશે. આ અંગે મંજુર થયેલ ટેન્ડરર વાંધો લઈ શકશે નહિ.

(૨૪) જો ઈજારેદાર / ટેન્ડરના ભાવો મંજુર થયા બાદ કોઈ આકસ્મિક / કુદરતી ઘટનાનો ભોગ બને અને તેની પાસેથી ચીજવસ્તુ / સેવાઓ મેળવવામાં વિક્ષેપ ઉભા થાય તેમ જણાય તો સદર ટેન્ડર ઉપરના બે મુદ્દામાં જણાવ્યા મુજબની એજન્સીને આ બીડ મંજુર થયેલ ભાવે કામગીરી સુપરત કરવામાં આવશે.

(૨૫) છાપકામ કામગીરીની સેવાઓ તથા તેની સાથેના સાધન સામગ્રીનો વીમો જરૂર જણાયે ઇજારદારે સ્વખર્ચે ઉતરાવી લેવાનો રહેશે.

(૨૬) આ કામગીરીની સેવા પુરી પાડવા માટે જણાવેલ સ્થળે સ્વખર્ચ પહોંચવાનું રહેશે. તેમજ સંજોગોવસાત જેતે સ્થળે રોકાણ કરવાનું થાય તો તે સ્થળે રોકાણ અને જમવાની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે.

(૨૭) ઈજારદારેને પોતે કે આ કામગીરી માટે રોકેલ માણસોને આ કામગીરી દરમ્યાન કોઈ ઈજા / બિમારી / મૃત્યુ વિગેરે કિસ્સામાં તેની જવાબદારી રહેશે નહિ અને અન્ય કોઈપણ પ્રકારનું વળતર ચુકવવમાં આવશે નહિ.

(૨૮) આ સેવાની કામગીરીના સ્થળે મોકલવા માટે લાવવા-લઇ જવાની વ્યવસ્થા ઇજારેદારે પોતાના ખર્ચે અને પોતાની રીતે કરવાની રહેશે. વીજળી, બેકઅપ, બેટરીની પર્યાપ્ત વ્યવસ્થા ઇજારેદારે પોતાના ખર્ચે અને પોતાની રીતે કરવાની રહેશે.

(૨૯) વધુમાં મૌખિક રીતે ઇજારેદારને આ ટેન્ડર મુજબની સેવા પુરી પાડવા જણાવવામાં આવે તો તે મુજબ પુરી પાડવાની રહેશે પંરતું તેનો લેખિત વર્ક ઓર્ડર એજન્સીએ જે તે કચેરી પાસેથી મેળવી લેવાના રહેશે અને લેખિત વર્કઓર્ડર મુજબ ચુકવણી કરવામાં આવશે.

(૩૦) કામગીરી કરવામાં નિષ્ફળ જવાના પ્રસંગે :-

ટેન્ડર મંજુર કરનાર અથવા સક્ષામ અધિકારીશ્રીના વર્કઓર્ડર અન્વયે સેવાઓ સમયસર પૂરી પાડવામાં ટેન્ડરર નિષ્ફળ જશે તો અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરી મેળવી શકાશે અને તે અંગે વધારાનો જે કાંઈ ખર્ચ થશે તે અંગેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે તથા કામગીરીની નિષ્ફળતા અન્વયે, ટેન્ડરરની કુલ રકમના ૨૫% દંડ ભરવા માટે ટેન્ડરર જવાબદાર ગણાશે.

Scanned with CamScanner

(૩૧) ટેન્ડર / હુકમ / કરારખતની કોઈપણ શરતના ભંગ અંગે :-

ટેન્ડરમાં જણાવેલી શરતો, ટેન્ડર મંજુર કરનારના હુકમમાં જણાવેલી શરતો કે ટેન્ડરરે કરેલ કરારખતની કોઈપણ શરતોના ટેન્ડરર ધ્વારા કે તેઓની વ્યવસ્થાના ભાગરૂપ કોઈપણ વ્યકિત ધ્વારા ભંગ કરવામાં આવશે કે વર્કઓર્ડર મુજબ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં ટેન્ડરર્સ નિષ્ફળ જશે તો ટેન્ડર મંજુર કરનાર / અધિકૃત વર્કઓર્ડર આપનાર અધિકારીશ્રી ધ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરતાં, વધારાની ચુકવેલ રકમ અને દંડની રકમ, ટેન્ડરરની સીકયોરીટી ડીપોઝીટમાંથી અને તેમછતાં રકમ બાકી રહે તો "જમીન મહેસુલની બાકી" તરીકે ટેન્ડર મંજુર કરનાર ટેન્ડરર પાસેથી વસુલ કરી શકશે.

(૩૨) વિવાદ :-

૧. કરારની કોઈપણ શરતના અર્થઘટન માટે કોઈ વિવાદ ઉભો થશે તો તે જિલ્લા ચૂંટણી અધિકારી અથવા કમિટીનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

૨. આ કામના હુકમ / કરાર બાબતે કોઈપણ વિવાદ અને કાનુની ગુંચ ઉદ્રભવે તો તે અંગેની બાબત નડીઆદ જી.ખેડા ન્યાયાલયના કાર્યક્ષેત્ર હેઠળ નિકાલ કરી શકશે.

DISTRICT ELECTION OFFICER & COLLECTOR
KHEDA - NADIAD

(અમિત પ્રકાશ યાદવ)
જીલ્લા ચુંટણી અધિકારી અને
કલેકટર, ખેડા જીલ્લો, નડીઆદ

Scanned with CamScanner